ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



અકસ્માત સર્જી ભાગી છૂટનાર રેકડા ચાલક વિરુદ્ધ સુખસર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ

## સુખસરના કાળીયા ગામના 28 વર્ષીય યુવાનને રેકડાની ટક્કરે અકસ્માત, સારવાર દરમિયાન મોત

**ઈજાગ્રસ્ત** યુવાનને દાહોદ ઝાયડસ હોસ્પિટલમાં ઓપરેશન પછી 15 દિવસ સુધી સારવાર બાદ વડોદરા સયાજી હોસ્પિટલમાં રીફર કરાયો હતો

(પ્રતિનિધી) સુખસર,તા.5

સુખસર તાલુકાના મુખ્ય મથક સુખસર ખાતે 18 નવેમ્બર 2025 ના રોજ કાળીયા ગામના 28 વર્ષીય યુવાનને રેકડા ચાલકે પાછળથી ટક્કર મારી અકસ્માત સર્જતા તાત્કાલિક સુખસર, દાહોદ સહિત વડોદરા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં 18 દિવસ બાદ ઈજાગ્રસ્ત યુવાનનુ મોત નીપજ્યું હોવાનું જાણવા મળે છે. આશાસ્પદ જુવાનજોધ દીકરાનું અકાળે આકસ્મિક મોત નીપજતા પરિવાર સહિત ગામમાં હાહાકાર મચી જવા પામ્યો છે.

જાણવા મળેલ વિગતો મુજબ ફતેપુરા તાલુકાના કાળીયા ગામના નિશાળ ફળિયામાં રહેતા નલીનભાઈ મગનભાઈ કટારા ઉંમર વર્ષ આશરે 28 ખેતીવાડી તથા છૂટક મજૂરી કામ ધંધો કરી ઘરનું ગુજરાન ચલાવતા હતા જેઓને સંતાનમાં એક પાંચ વર્ષની પુત્રી તથા બે વર્ષનો એક પુત્ર છે. નલીનભાઈ 18 નવેમ્બર 2025ના રોજ ઘરેથી નીકળી સુખસર પેટ્રોલ પંપ ઉપર મોટરસાયકલમાં પેટ્રોલ



ભરાવવા સવારના જઈ રહ્યો હતો. તેવા સમયે સુખસરથી સંતરામપુર જતા હાઈવે માર્ગ ઉપર ફોરવીલર ગાડીના ગેરેજ પાસે જતા પાછળથી પુરપાટ અને ગફલત ભરી રીતે હંકારી આવતા આવતા ટાટા એસી રેકડાના ચાલકે પાછળથી ટક્કર મારતા નલીનભાઈ મછાર જોશભેર રોડ ઉપર પટકાયા હતા. જેઓને માથામાં તથા શરીરના પાછળના ભાગે મણકા ઉપર ગંભીર ઈજાઓ પહોંચી હતી.અને રેકડા ચાલક તેના કબજાના રેકડાને સ્થળ ઉપરથી ભગાવી ગયો હતો.જોકે રેકડા ચાલક સી.સી.ટી.વી કેમેરામાં કેદ થયેલ હોવાનું જાણવા મળે છે.અને ટૂંક સમયમાં ઝડપાઈ જાય તેવી શક્યતા જણાઈ રહી છે. ગંભીર ઈજાગ્રસ્ત નલીનભાઈ મછારને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ દ્વારા સુખસર સરકારી દવાખાનામાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો જ્યાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે દાહોદ ઝાયડસ હોસ્પિટલમાં 108 દ્વારા રીફર કરાયો હતો.જ્યાં મણકાનું ઓપરેશન કરવામાં આવ્યું હતું અને 16 દિવસ સુધી સારવાર આપવામાં આવતા તબિયતમાં સુધારા થયો હતો.જ્યારે અચાનક 4 ડિસેમ્બરના રોજ તબિયત બગડતા નલીનભાઈ મછારને ઝાયડસ હોસ્પિટલ દ્વારા ઓક્સિજનના બોટલ સાથે સયાજી હોસ્પિટલ વડોદરા ખાતે રીફર કરવામાં આવ્યો હતો.જ્યાં સારવાર દરમ્યાન મોત નીપજવા પામેલ હોવાનું જાણવામાં આવે છે.

ઉપરોક્ત અકસ્માત સંદર્ભે મુકેશભાઈ હડ્યાભાઇ મછારે અજાણ્યા રેકડા ચાલક વિરુદ્ધ સુખસર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે રેકડાની શોધખોળના ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળે છે.

આગ ચાંપતા ગોદડા અનાજ સહિત ઘરવખરી બળીને ખાખ

## ઝાલોદ તાલુકાના નાનસલાઈ ગામે યુવતીના પરિવારજનોએ પ્રેમીનું ઘર સળગાવી દીધું

**ગત** ૩૦ નવેમ્બરે યુવક અને તે યુવતી બંને ઘરેથી ભાગી ગયા હતા

(પ્રતિનિધી) દાહોદ, તા.5

ઝાલોદ તાલુકાના નાનસલાઈ ગામે પ્રેમીયુગલના ભાગી જવાની ઘટનાએ હિંસક વળાંક લીધો છે. યુવતીના પરિવારના ચાર યુવકોએ ગુસ્સે ભરાઈને પ્રેમી યુવકના ઘરે પહોંચી જાહેરમાં ગાળાગાળી કરી, લોખંડનો દરવાજો તોડી ઘરમાં ઘૂસીને આગ ચાંપી દીધી હતી.

આ ઘટનામાં ઘરવખરી તથા મકાનને અંદાજે ૧ લાખ થી વધુનું નુકસાન થયું છે. ઝાલોદ પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર, નાનસલાઈ ગામે રહેતા તુપાલ પરમાર (ઉં.વ. ૨૦)નો તેજ ફળિયામાં રહેતી એક યુવતી સાથે પ્રેમસંબંધ હતો.





ગત ૩૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ તુપાલ અને તે યુવતી બંને ઘરેથી ભાગી ગયા હતા. બંને પુત્ર વધના હોવાથી બન્ને પરિવાર વચ્ચે સમાધાનની વાતચીત ચાલી રહી હતી પરંતુ યુવક-યુવતી હજુ સુધી મળી આવ્યા નથી. આ ઘટનાથી ક્ષુધ્ધ યુવતીના પરિવારના ચાર યુવકો - વિક્રમ ડામોર, અથષ ડામોર, નવીન ડામોર અને ચેતન ડામોર ગઈ કાલે તા. 2 ડિસેમ્બરે સાંજે લગભગ ૭ વાગ્યે તુપાલના ઘરે પહોંચ્યા હતા. તેઓએ જાહેરમાં અપશબ્દો બોલતાં "તમારો છોકરો અમારી છોકરીને ભગાડી ગયો છે, તેને પરત આપો એમ કહી ગુસ્સે થયા હતા. ત્યારબાદ ચારે મળીને "ઘર સળગાવી દો એમ કહી પાછળનો લોખંડનો દરવાજો અને ધાબાની બારી તોડી ઘરમાં ઘૂસી ગયા અને અંદર આગ લગાવી દીધી. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડે દોડી આવી આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે, તે પહેલાં ઘરમાં રહેલાં ગોદડાં, અનાજની બોરીઓ તથા અન્ય ઘરવખરી બળીને ખાખ થઈ ગયાં હતાં.

ફરિયાદી પોતાનુ કાયદેસરનું લેણું નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ

## રૂ. 99 હજારના લેણાં કેસમાં આરોપીને હાલોલ કોર્ટે નિર્દોષ જાહેર કરી છોડી મૂક્યો

**આરોપીને** જયારે જયારે નાણાની જરુર પડતી ત્યારે ચાની લારી પરથી લઈ જતા હતા

(પ્રતિનિધી) હાલોલ, તા.5

આરોપીએ તા. ૨૦/૦૬/૨૨ ના રોજ ફરીયાદી પાસેથી રા. ૩૦,૦૦૦/- હાથ ઉછીના લીધેલ અને તેના બદલામાં ટુકડે ટુકડે વ્યાજ સહિત કુલ રૂપિયા ૪૯,૫૦૦/- ગુગલ પે ના માધ્યમથી ચુકવી આપેલ હોવા છતાં ફરીયાદીએ સીક્યુરીટી રૂપે પડી રહેલ ચેકનો દુરુપયોગ કર્યો હતો. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતિ કરેલ અને કેસના સમર્થનમા ના.સુપ્રિમકોર્ટ તથા ના.ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓ રજૂ કરેલ જે ધ્યાને લઈ મહે. એડીશનલ હાલોલના સીવીલ તથા એડી.જ્યુ.મેજી. એચ.એચ.વિશ્નોઈએ આરોપીપક્ષની દલીલો ગ્રાહય રાખી અવલોકન કરેલ કે,આરોપી પક્ષે ગુગલ પે નંબર પર ટ્રાન્સફર કરેલ અલગ તારીખોના અલગ રકમના વ્યવહારો કરેલા તેના પરથી પણ આરોપીએ ફરીયાદીને રૂ. ૪૯,૫૦૦/- પરત કરેલાનુ ફલિત થાય છે. ફરીયાદીએ તેમની ફરીયાદમાં આરોપીને જયારે જયારે નાણાની જરુર પડતી ત્યારે ચાની લારી પરથી લઈ જતા હતા તેમ જણાવેલ છે.પરંતુ આરોપીએ બધા પૈસા દર મહીનાની વીસ તારીખની આસપાસ ચુકવેલ છે. જેના પરથી આરોપીએ ફરીયાદીને હપ્તા ચુકવેલા હોવાનુ ફલિત થાય છે.પરંતુ ફરીયાદી આ વાતનો ઉલટ તપાસમાં ઈન્કાર કરેલ છે. આ તમામ કરેલ ચર્ચા અનુસાર આ કામના ફરીયાદીએ અગાઉથી પડી રહેલ સીક્યુરીટી પેટેના ચેકમાં મનફાવે તેવી વિગતો ભરી વધુ વ્યાજ પડાવવાના ઈરાદે ચેક બેંકમાં નાખી તેનો દુરુપયોગ કરેલ છે તે હકીકત નહી માનવા માટે કોઈ કારણ નથી.આમ, આ કામે ફરિયાદી પોતાનુ કાયદેસરનું લેણું નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જતા હોય, આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના ગુના સબબ કસૂરવાર ઠરાવી શકાય નહી. જેથી વિવાદીત ચેક લિગલ એન્ફોર્સીએબલ ડેક્ટ માટેનો હોવાની હકિકત નિ:શંક પણે પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ આરોપીને ૯૯,૦૦૦/- ના કેસમા નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો આદેશ આપ્યો છે.

## ભંડારા-સંતરામપુર માર્ગ પર અધૂરી પેચવર્ક કામગીરી

**વાહન** ચાલકોને ભારે હાલાકીનો સોશિયલ મીડિયામાં મેસેજ વાયરલ

(પ્રતિનિધી) સંતરામપુર, તા.5

સંતરામપુર તાલુકાના ભંડારા ગામથી સંતરામપુર તરફ જતા માર્ગ ઉપર તાજેતરમાં R|B વિભાગ દ્વારા કરવામાં આવેલી પેચવર્ક કામગીરીને લઈને સ્થાનિકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલી પોસ્ટ મુજબ માર્ગ પર ખુલ્લી કપચી પાથરી દેવામાં આવી છે, જેના કારણે બે બાઈક સવાર અત્યાર સુધી. માં સ્લિપ થઈ દુર્ઘટનાનો ભોગ બની ચૂક્યા છે. સ્થાનિકોના કેહવા મુજબ આવી સ્થિતિમાં આગળ પણ અકસ્માતોની શક્યતા નકારી શકાય નહીં.

સ્થાનિક રહેવાસીઓનું કહેવું છે કે R|B વિભાગ દ્વારા માર્ગ પર પૂરતી સાફ-સફાઈ અને રોડ રોલર વડે લેવીંગ કર્યા વગર છૂટો માલ પાથરી દેવામાં આવ્યો છે, જેના કારણે રસ્તો વધુ જોખમી બની ગયો છે. "કામ કરો તો પરફેક્ટ કરો, નહીં તો આવા અધૂરા કામથી લોકોના જીવ સાથે રમત ન કરો," એવો આક્રોશ સ્થાનિક ગામજનોમાં સોશિયલ મીડિયા માં જોવા મળી રહ્યો છે.

જાહેર હિતને ધ્યાનમાં રાખીને સંબંધિત વિભાગ તરફથી તાત્કાલિક કાર્યવાહી કરાઈ માર્ગને સમતલ અને સલામત બનાવવા નીમાંગ લોકોની ઊઠી રહી છે. સ્થાનિકો R|B સંતરામપુરને તાત્કાલિક સુધારાત્મક પગલાં લેવા અપીલ કરી રહ્યા છે.ને આ ભંડારા થીસંતરામપુર રોડનુ પેચવર્કે ની કામગીરી વયવસથિત રીતે ને ટકાઉ કરાય તેવી માગણી ગામજનોની જોવા મલે છે

## ગણિત-વિજ્ઞાન ક્ષેત્રે પ્રદર્શનમાં ઈરા માધ્યમિક શાળા પ્રથમ



(પ્રતિનિધી) પીપલોદ,તા.5

દાહોદ જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) ખાતે યોજાયેલા જિલ્લા કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં દેવગઢ બારીયાની ઈરા માધ્યમિક શાળાએ શાળા વિકાસ સંકુલ કક્ષાએ બે વિભાગમાં પ્રથમ સ્થાન મેળવી પોતાની વૈજ્ઞાનિક પ્રતિભાનો દમ ફરી સાબિત કર્યો. "ખાતર બચાવતું સાધન અને ટકાઉ સિંચાઈ" મોડેલ રજૂ કરાયું, જેમાં તેજસ પી. પટેલ અને વેદાંત આર. વળવી એ પ્રથમ સ્થાન હાંસલ કરી શાળાને ગૌરવ આપ્યું. શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

## ગોધરાના પઢીયાર ગામે 'મારું ગામ ગંદુ ગામ' જેવી હાલત!



(પ્રતિનિધી) ગોધરા તા.05

ગોધરા તાલુકાના પઢીયાર ગામે ગ્રામ પંચાયતની સફાઈ બાબતે ઉદાસીનતા સામે આવતા જાગૃત નાગરિકે જિલ્લા સ્વાગતમાં ફરિયાદ કરી છે. સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાનો પાછળ ગ્રાન્ટ અને ખર્ચ કરવામાં આવે છે તેમ છતાં પઢીયાર ગામમાં સફાઈના અભાવે ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું હોવાની રજૂઆત કરવામાં આવી છે.

ગામના જાગૃત નાગરિક પરમાર કાનાભાઈ રામાભાઈએ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં કલેક્ટર સમક્ષ ઓનલાઈન ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, પઢીયાર ડેરીથી ગ્રામ પંચાયત કચેરી તરફ જવાનો મુખ્ય માર્ગ જ અત્યંત બિસ્માર હાલતમાં છે. સફાઈના અભાવે રસ્તાની બંને બાજુ માટીના થર અને જંગલી ઘાસ ઉગી નીકળ્યું છે, જેના કારણે રસ્તો સાંકડો થઈ ગયો છે. વધુમાં, ગામના કેટલાક લોકો દ્વારા ગટરનું અને ઘરવપરાશનું ગંદુ પાણી જાહેર રોડ પર છોડવામાં આવતા રસ્તા પર લીલ જામી ગઈ છે. આ રસ્તો અંદરના મુવાડા, કરણના મુવાડા, હરીના મુવાડા અને ડુંગળી ફળિયાના રહીશો માટે મુખ્ય રસ્તો છે.

વારંવારની રજૂઆતો છતાં સમસ્યાનો ઉકેલ ન આવતા લોકોમાં નારાજગી

## શહેરા ભાગોળ વિસ્તારમાં ગટરના પાણી રોડ પર ફરી વળતા લોકો પરેશાન

**ગટરના** ઢાંકણા અને સફાઈના અભાવે રોગચાળાની ભીતિ

(પ્રતિનિધી) ગોધરા તા.05

ગોધરા શહેરના શહેરા ભાગોળ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ગટર લાઈનની સમસ્યાને કારણે સ્થાનિક રહીશો અને વેપારીઓ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. વારંવારની રજૂઆતો છતાં સમસ્યાનો ઉકેલ ન આવતા લોકોમાં નારાજગી જોવા મળી રહી છે. આ વિસ્તારમાં ગટરના ઢાંકણાના અભાવે ગટરનું ગંદુ પાણી ઉભરાઈને રોડ પર ફરી વળ્યું છે જેના કારણે રસ્તા પર નદી વહેતી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. આ ગંદા પાણીમાંથી પસાર થવા માટે વાહન ચાલકો અને રાહદારીઓ મજબૂર બન્યા છે. સતત પાણી ભરાઈ રહેવાને લીધે મચ્છરજન્ય રોગચાળો ફેલાવાની દહેશત પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.સ્થાનિક વેપારીઓએ આક્ષેપ કર્યો છે કે, હાલના સેનેટરી ઈન્સ્પેક્ટર દ્વારા સફાઈ કામગીરી પર પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી. સફાઈ કામદારો કચરો એકઠો કરીને રોડ પર જ મૂકીને ચાલ્યા જતા હોવાની ફરિયાદો પણ ઉઠી છે.આ અંગે



સ્થાનિક વેપારી હિતેશભાઈ ભાસાણીએ જણાવ્યું હતું કે, અગાઉના સેનેટરી ઈન્સ્પેક્ટર આર.આર. પટેલ (નિવૃત્ત) નિયમિત વિઝીટ લઈ સફાઈ કરાવતા હતા, પરંતુ હાલમાં તેવી કામગીરી જોવા મળતી નથી. આ વિસ્તારના વેપારીઓ અને સ્થાનિક લોકોએ વહેલી તકે ગટરના ઢાંકણા નાખવા અને ગંદા પાણીના નિકાલ માટે તંત્ર પાસે માંગ કરી છે. આ બાબતને લઈને નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર સહલ મન્સૂરી સાથે ટેલિફોનિક વાતચીત કરતા તેમને જણાવ્યું હતું કે, કામગીરી અમે કરાવીએ જ છીએ પરંતુ આ ગટરનું પાણી રોડ ઉપર રેલાય છે તેને અમારા માણસો દ્વારા જોઈ તેની સાફ સફાઈ કરી યોગ્ય નિકાલ કરવામાં આવશે

## શિવ ગંગાના ધર્મવીરોએ ગુરુ ગોવિંદની પ્રથમ ધૂણીના દર્શન કર્યા



**ગુજરાત,** રાજસ્થાન તથા મધ્યપ્રદેશના ગુરુ ગોવિંદના ભક્તોએ ભજનોની રમઝટ બોલાવી સત્સંગ કરવામાં આવ્યો

(પ્રતિનિધિ) સુખસર,તા.5

શિવગંગા ધરમપુરી થી અંદાજિત 450 જેટલા ધર્મવીર ભાઈ-બહેનો,યુવાનો અને વડીલો પોતાના સ્વખર્ચે બે દિવસનું સમય દાન કરીને ગુજરાત,રાજસ્થાન અને મધ્યપ્રદેશના આદિવાસી સમાજના ઉધ્ધારક એવા ગુરુ ગોવિંદની પ્રથમ ધૂણી મોટા નટવા ગામે આવીને ધૂણીના પૂરી શ્રદ્ધા અને ભાવથી દર્શન કરવામાં આવ્યા હતા.ત્યારબાદ ગુજરાત અને મધ્ય પ્રદેશના ગુરુ ગોવિંદના ભક્તોએ ભજનો ગાઈને ગુરુને યાદ કરવામાં આવ્યા હતા.ત્યાર બાદ ધર્મસભા કરવામાં આવી હતી.

સોશિયલ મીડિયા પર શેર કર્યો ગાય દોહતો વીડિયો

## ગૌ-તસ્કરો સામે લાલ આંખ કરનાર પંચમહાલ SP ડૉ.હરેશનો ગૌ-પ્રેમ

**સામાન્ય** પશુપાલકની જેમ અત્યંત સાદગીથી ગાયનું દૂધ દોહતા જોવા મળ્યા

(પ્રતિનિધી) ગોધરા તા.5

પંચમહાલ જિલ્લા પોલીસ વડા (SP) ડૉ.હરેશ દુધાત ગુનેગારો સામે પોતાની કડક કાર્યવાહી માટે જાણીતા છે પરંતુ તાજેતરમાં તેમણે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક અલગ જ અંદાજ રજૂ કર્યો છે. એસ.પી. ડૉ.હરેશ દુધાતે ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો પોસ્ટ કર્યો છે જેમાં તેઓ એક સામાન્ય પશુપાલકની જેમ અત્યંત સાદગીથી ગાયનું દૂધ દોહતા જોવા મળી રહ્યા છે.

આ પોસ્ટ એટલા માટે સૂચક છે કારણ કે, હજુ થોડા સમય પહેલાં જ એસ.પી. ડૉ.હરેશ



દુધાતે પંચમહાલ જિલ્લામાં ગૌ-તસ્કરી અને ગૌવંશની કતલ જેવી પ્રવૃત્તિઓ ડામવા માટે એક સ્પેશિયલ સ્કોડની રચના કરી છે. એક તરફ કાયદાનો ડંડો ઉગામીને ગૌવંશને બચાવવા માટે સક્રિય આ અધિકારીએ બીજી તરફ જાતે ગૌસેવા કરતો વીડિયો મૂકીને કથની અને કરણીમાં એકસૂત્રતા દર્શાવી છે. વીડિયો શેર કરતા તેમણે કેપ્શનમાં લખ્યું છે કે, ગૌ સેવા, ગૌ કૃપા, અને દૂધ દોહવાની અનોખી દિવ્ય અનુભૂતિ. પોલીસ યુનિફોર્મથી દૂર, ઘરગથ્થુ કપડામાં જિલ્લાના વડાને આ રીતે ગૌસેવા કરતા જોઈને આ પોસ્ટ લોકોમાં કુતૂહલ અને આદરનો વિષય બની છે. આ વીડિયો દ્વારા તેમણે સંદેશ આપ્યો છે કે હોદ્દો ગમે તેટલો મોટો હોય વ્યક્તિએ પોતાની સંસ્કૃતિ અને પ્રકૃતિ સાથે જોડાયેલા રહેવું જોઈએ. આ બાબતે ડૉ હરેશ દુધતે જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિમાં ગાયને માતા માનવામાં આવે છે અને ગોધરામાં ગૌવંશની ગેરકાયદે કતલ અટકાવવા માટે ખાસ સ્ક્વોડ કાર્યરત છે.

1 કલાક અને 25 મિનિટનો સમય બચશે:ટ્રેનોની ઝડપ 80 થી 320 કિમી પ્રતિ કલાકની હશે

## ઈન્દોર-દાહોદ રેલ લાઈન પ્રોજેક્ટમાં 88 કિ.મી.નું અંતર ઘટશે

**ટીહી ટનલ:** આ મહિને 2.95 કિમીના વિભાગમાંથી 1.87કિમી ભાગમાં બૈલેસ્ટલેસ ટ્રેક નાખવાનું કામ શરૂ થશે

(પ્રતિનિધી) દાહોદ, તા.5

રેલ્વેએ ઈન્દોર-દાહોદ રેલ પ્રોજેક્ટના સૌથી પડકારજનક ભાગ મધ્યપ્રદેશના ધાર નજીક ટિહી આગળ બનાવવામાં આવી રહેલી - ૨.૯૫ કિમી ટનલમાંથી ૧.૮૭ કિમી લગભગ પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. જે બાદ હવે ટ્રેક નાખવાનું કામ આ મહિને શરૂ થશે. જેના પગલે હવે રેલ્વે ટનલની અંદર આધુનિક બેલેસ્ટલેસ ટ્રેક નાખશે. આ સંબંધે અધિકારીઓનું કહેવું છે કે ટનલ ફેબ્રુઆરી ૨૦૨૯ સુધીમાં પૂર્ણ થશે. પૂર્ણ થયા પછી, ઈન્દોર અને દાહોદ વચ્ચેનું અંતર ૨૮૯ કિમીથી ઘટીને ૨૦૧ કિમી થઈ જશે. હાલમાં ૪ કલાક અને ૫ મિનિટ લેતી આ મુસાફરી માં હવે લગભગ ૩ કલાકનો સમય લાગશે.

આ પ્રોજેક્ટરની ખાસ વાત એ છે કે આમ તો આ રેલ્વે લાઈન ૧૯૮૯ એટલે કે રેલમંત્રી માધવસિંહ સિંધિયા




| વખતે મંજૂર કરવામાં આવી હતી. પરંતુ આને જમીન પર આવતા ઘણો સમય લાગ્યો હતો અને ૨૦૦૮માં વિધિવત રીતે આ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી હતી. આ પ્રોજેક્ટની ગતિ ખૂબ જ ધીમી હોવાના કારણે હવે આ પ્રોજેક્ટની લાગત ૧૬૮૦ કરોડ સુધી પહોંચી ગઈ છે. ઈન્દોર દાહોદ રેલ ફરી યોજના અંતર્ગત ૨૦૯.૯૭ કિ.મીની રેલ્વે લાઈન નાખવાની છે. મહત્વપૂર્ણ છે કે આ રેલ પ્રોજેક્ટમાં ટીહી ખાતેનિર્માનાધીનુ ટનલ એકમાત્ર - ૨.૯૫ કિમી લાંબી ટનલ નાખવામાં આવી છે. આ ટનલ ને બનાવવા માટે . ૧૦૦૦ થી વધુ બ્લાસ્ટ કરવામાં આવ્યા છે. એટલું જ નહીં ૧.૭૫ લાખ 5 ક્યુબેક વેસ્ટ મટીરીયલ બહાર કાઢવામાં આવ્યું છે. આ ટનલમાં ઘણા સમયથી કામ ચાલી રહ્યો હતો. હવે અહીંયા બેલેસ્ટલેસ ટ્રેક પાથરવામાં આવશે જે આ ટ્રેકને વધુ મજબૂતાઈ પ્રદાન કરશે.

## સાચવણી માટે રાખેલા પ્રાણીઓ બાબતે આરોપીને હાલોલ એડી.સેશન્સ કોર્ટે નિર્દોષ છોડી મૂક્યો

**આરોપીએ** ઘરે બાંધી સંતાડી રાખેલા ૩ ગાય અને ૩ બળદ વેજલપુર પોલીસે પકડી પાંજરાપોળ ખાતે મોકલ્યા હતા

(પ્રતિનિધી) કાલોલ તા.5

કાલોલ તાલુકાના વેજલપુર પોલીસ સ્ટેશનમાં તા ૦૪/૦૨/૨૦૨૦ ના રોજ ફારુક અબ્દુલ કાદીર જમાલ ઉર્ફે ગુલઝાર સામે કતલના ઈરાદે ગાયો અને બળદ પોતાના ઘરે લાવી બાંધી સંતાડી રાખેલ હોવાની બાતમી આધારે રેડ કરી વેજલપુર પોલીસે ૩ ગાય અને ૩ બળદ પકડી પાંજરાપોળ ખાતે મોકલ્યા હતા અને ગુજરાત પશુ સંરક્ષક સુધારા અધિનિયમ ચાર્જશીટ કરી હતી. સમગ્ર મામલે હાલોલના ત્રીજા એડિશનલ સેશન્સ કોર્ટમાં કેસ ચાલી જતા આરોપી તરફે એડવોકેટ કે ડી મલેક હાજર રહ્યા હતા અને દલીલો કરી હતી. બનાવ સમયે આરોપીની હાજરી નથી જે મકાનમાંથી ગૌવંશ મળ્યો તે મકાન આરોપીનુ હોવાનો નકકર પુરાવો નથી, દિવસનો બનાવ છે તેમ છતાં કોઈ સ્વતંત્ર સાહેદ નથી.બાતમીની કોઈ નોંધ નથી વધુમાં તપાસ અધિકારી રેડિંગ પાર્ટીના મેમ્બર હતા તે પણ ઉલટ તપાસમાં બહાર આવ્યું છે. સમગ્ર મામલે હાલોલના ૩ જા એડી સેશન્સ જજ બી ડી પરમાર દ્વારા બનાવવાળી જગ્યાના કબજેદાર માલિક આરોપી છે તેવો કોઈ દસ્તાવેજી પુરાવો ફરિયાદ પક્ષે રજૂ કર્યો નથી વધુમાં તપાસ અધિકારી દ્વારા મહત્વના દસ્તાવેજો પુરાવા તરીકે રેકર્ડ પર લાવ્યા ન હોવાથી આરોપી સામે ગુનો પુરવાર થતો નથી તે માટે તપાસ અધિકારી સામે ખાતાકીય કાર્યવાહી કરવા નામ. સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ જીલ્લા પોલીસ અધિક્ષકને ચુકાદાની નકલ મોકલવા ઠરાવી આરોપીને નિર્દોષ જાહેર કરી છોડી મૂકવાનો હુકમ કર્યો છે.